# નવગુજરાત સમય

NAVGUJARAT SAMAY RNI Registration No. GUJGUJ/2014/55529 Year-4, Vol-247 Ahmedabad વિક્રમ સંવત ૨૦૭૪: કારતક સુદ ચોથ | સોમવાર, ૨૩ ઓક્ટોબર, ૨૦૧૭ | ૧૨ + ૪ પાનાં | કિંમત ₹3.00






**કોહલીની સદી એળે, ભારત હાર્યું**
પ્રથમ વન-ડેમાં લાથમે સદી નોંધાવી ન્યૂઝીલેન્ડને વિજય અપાવ્યો
p6


navgujaratsamay.com @
facebook.com/navgujaratsamay
twitter.com/navgujaratsamay


**ફિલ્મ 'મેર્સલ'થી ભાજપ કેમ ડરી ગયો?**
'મેર્સલ'માં જીએસટીની ટીકા કરતા સંવાદોના લીધે ભાજપ એક્ટર વિજયથી ભારે નારાજ
p10


ગુજરાતનું સૌથી પ્રીમિયમ અખબાર





BENCHMARK
TOTAL HOT WATER SOLUTION
99241 48433

PERSONAL LOAN
MAS FINANCIAL SERVICES LTD.
The Power of Distribution
3લાખ સુધી
શહેર સુધીજ સિમીત
માત્ર 3 દિવસ માં
નોકરીયાત માટે
વધુ માહિતી માટે મિસ્ડ કોલ કરો
079-39827711
* શરતો લાગુ
માસ ફાયનાન્સિયલ સર્વિસીસ લિમિટેડ
"જે સમજે આપના અમૂલ્ય સ્વપનાઓ નું મુલ્ય"


## મેઘાલયમાં બીફ પર કોઇ પ્રતિબંધ નથી: ભાજપ

**શિલોંગ:** ભાજપે મેઘાલયમાં બીફ પર પ્રતિબંધ નહિ હોવાની જાહેરાત કરી છે. મેઘાલયમાં ભાજપના પ્રમુખ શિબુન

### ઘોઘા-દહેજ ફેરીના પ્રથમ તબક્કાનું વડાપ્રધાનના હસ્તે લોકાર્પણ: ગુજરાતમાં મેરી ટાઇમ યુનિ., લોથલમાં મેરી ટાઇમ મ્યુઝિયમ બનાવવા PMની જાહેરાત

# રો-રો ફેરી સર્વિસ નવો આર્થિક ઈતિહાસ લખશે: મોદી





» **સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતને જોડતો 360 કિ.મી.નો જમીન માર્ગ 31 કિ.મી.ના દરિયાઇ માર્ગમાં પરિણમશે: પોર્ટ ડેવલપમેન્ટથી એક કરોડ જેટલી રોજગારીનું નિર્માણ થશે**

**નવગુજરાત સમય >** ગાંધીનગર | ભાવનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિધાનસભા ચૂંટણી પૂર્વે વિક્રમ સંવત નવા વર્ષના પ્રારંભે ગુજરાતમાં રૂપિયા ૬૫૦ કરોડના ખર્ચે તૈયાર થયેલા ઘોઘા-દહેજ રો-રો ફેરીના પ્રથમ તબક્કાના સર્વિસ પ્રોજેક્ટનો રવિવારે પ્રારંભ કરાવ્યો હતો. ગુજરાતમાં મેરી ટાઈમ બોર્ડ યુનિવર્સિટી અને લોથલમાં મેરી ટાઈમ મ્યુઝિયમ બનાવવાની જાહેરાત સાથે તેમણે કહ્યું હતું કે, રો રો ફેરી સર્વિસ સમુદ્રતટના વિકાસના નવા અધ્યાયની શરૂઆત કરશે. ભવિષ્યમાં હજીરા, પીપાવાવ, જાફરબાદ, દીવ-દમણને ફેરી સવિર્સથી જોડાશે. તેમણે દહેજ ખાતે જણાવ્યું હતું કે, 'દેશની સામુદ્રિક શકિત બ્લ્યુ ઈકોનોમી ન્યુ ઈન્ડિયાનો આધાર બનશે'. જ્યારે વડોદરા ખાતે તેમણે જાહેરસભામાં વિકાસ વિરોધીઓને આડે હાથ લીધા હતા અને કહ્યું હતું કે, વિકાસ વિરોધીઓની સરકારને એક રૂપિયો વાપરવા દેવામાં નહી આવે. પ્રજાના પૈસા માત્રને માત્ર વિકાસ માટે જ ખર્ચવામાં આવશે વિકાસ કરનાર ને જ મદદ કરવા ભારત સરકાર આતુર છે. ગુજરાતનો પ્રતિનિધિ જ્યારે કેન્દ્રમાં બેઠો હોય ત્યારે જ ગુજરાતનું ભલું થયું છે, બાકી ૭૦ વર્ષમાં ભારોભાર અન્યાય જ થયો છે.' વડાપ્રધાને ૫૦ દિવ્યાંગ બાળકો સાથે ફેરી સર્વિસમાં મુસાફરી કરી હતી.

ઘોઘામાં તેમણે કહ્યું હતું કે, રો-રો ફેરી સર્વિસથી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતને જોડતો ૩૬૦ કિ.મી.નો જમીન માર્ગ હવે ૩૧ કિ.મી.ના દરિયાઇ માર્ગમાં પરિણમશે. પોર્ટ ડેવલપમેન્ટથી દેશમાં આશરે એક કરોડ જેટલી નવી રોજગારીની તકો ઉપલબ્ધ થશે. તે દેશના વિકાસને નવી દિશા આપશે. પ્રોજેક્ટનું લોકાર્પણ કરતાં વડાપ્રધાને જણાવ્યું હતું કે દેશના દરિયાઇ રાજ્યો માટે આ પ્રોજેક્ટ દરિયાઇ વિકાસનું ઉત્તમ ઉદાહરણ છે. આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ ઘોઘા-દહેજ ફેરી સર્વિસથી આ અનેરો ઉપહાર દેશની જનતાને મળ્યો છે. દક્ષિણ અને પૂર્વ એશિયાનો આ સૌથી મોટો પ્રોજેક્ટ આધુનિક ટેકનોલોજીથી પૂર્ણ થતા સાડા છ કરોડ ગુજરાતીઓનું સ્વપ્ન પૂર્ણ થયું છે.

>> અનુસંધાન p10



## રો-રો ફેરીનો ફેઝ-2 ટૂંક સમયમાં : CM રૂપાણી

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, ઘોઘા - દહેજ રો રો ફેરી સેવાનું પીએમનું સ્વપ્ન સાકાર થયું છે. ભારતના સૌથી લાંબા અંતરની આ રો-રો ફેરી સર્વિસથી સમય, ખર્ચમાં ઘટાડો થશે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, મુસાફરોની સાથો સાથ માલ વાહક વાહનોની હેરા ફેરી ફેઝ-ર દ્વારા ટૂંક સમયમાં શરૂ થશે. આ પ્રસંગે સીએમ રૂપાણીએ ૪૦ વર્ષ જુના કાળીયાબીડની મિલકતો કાયદેસર કરવાની જાહેરાત કરી હતી.

### વિધાનસભા ચૂંટણીની જાહેરાત પૂર્વે વડોદરામાં PMનો ભવ્ય રોડ શો

# વિકાસ વિરોધીઓની સરકારને એક રૂપિયો વાપરવા નહીં દેવાય : મોદી



**નવગુજરાત સમય >** વડોદરા

વિધાનસભાનીચૂંટણીઓનીસત્તાવાર જાહેરાત થાય તે પૂર્વે રૂપિયા ૩૬,૦૦ કરોડના વિકાસના વિવિધ પ્રોજેક્ટ્સના લોકાર્પણ અને શિલાન્યાસના યોજાયેલા કાર્યક્રમમાં જાહેરસભા સંબોધતાં વડાપ્રધાન વિકાસવિરોધીઓને સીધી ચીમકી આપી હતી. એક તબક્કે તો વિકાસ વિરોધીઓની સરકાર બનશે તો પ્રજાનો એક રૂપિયો વાપરવા દેવામાં નહી આવે તેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું. કોંગ્રેસ સહિત વિરોધીઓને નિશાન સાધતાં જણાવ્યું હતું કે, જેમણે અત્યાર સુધી જેમણે જોયું નથી, વિચાર્યું નથી, તેવા લોકોને ચોક્કસ તકલીફ પડવાની જ. પ્રજાના પૈસા પાઈપાઈ જનહિતમાં અમે વાપર્યા છે. માત્રને માત્ર વિકાસ જ અમારી પ્રાથમિકતા રહેલી છે. અલબત્ત ભારત સરકાર વિકાસને પ્રાધાન્ય આપનાર રાજ્યને મદદ કરવા હંમેશા આતુર હશે. વિકાસ વિરોધીઓની સરકાર હશે તો તેઓને એક રૂપિયો વાપરવા આપવામાં નહી આવે. કારણ કે પ્રજાના પૈસા માત્ર વિકાસ માટે જ છે. અમે સંકલ્પ લીધો છે કે, ૨૦૧૯માં દેશના એક એક પરિવારને ચાહે કાયદેસરના ઝૂપડામાં રહેતા હોય કે ગેરકાયદે ઝૂપડામાં રહેતા હોય, તે તમામના ઘરમાં વીજળીનો બલ્બ સળગતો હશે.

>> અનુસંધાન p10

## આશાવર્કરોએ વડાપ્રધાનના કાફલા પર બંગડીઓ ફેંકી

છેલ્લા એક મહિનાથી પોતાના હક્ક માટે લડત ચલાવી રહેલી આશાવર્કર મહિલાઓને વડાપ્રધાનની વડોદરાની મુલાકાત ટાણે નજરકેદ રાખવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરની કચેરીમાં ઉપવાસ આંદોલન ચલાવી રહેલી આશાવર્કરો તેમ છતાં નવલખી મેદાન પર વડાપ્રધાનના જાહેરસભાના સ્થળ પર પહોંચી ગઈ હતી. તેમાંની કેટલીકની અટકાયત કરાઈ હતી. જ્યારે કેટલીક મહિલાઓ મોદીના રોડ શોના રૂટમાં ગોઠવાઇ ગઇ હતી. જેમાં કારેલીબાગ એલ એન્ડ ટી સર્કલ પાસે આશાવર્કર મહિલાઓના આગેવાનોએ કાફલા પર બંગડીઓ ફેંકી હતી. આ અગાઉ પોલીસે 'આપ'ના આગેવાન તથા પૂર્વ વિપક્ષી નેતા ચિન્નમ ગાંધી તથા કોંગ્રેસના આગેવાનો નરેન્દ્ર રાવત સહિત અનેક આગેવાનોને વિવિધ સ્થળોએ અટકાયત કરી હતી.